## પરીક્ષા સ્થળો પર વ્યવસ્થા : મોબાઈલ પર પ્રતિબંધ

પરીક્ષા કામગીરીમાં રોકાયેલા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને નિયત કરેલા ઓળખપત્રો આપવામાં આવશે. શાળાના ફરજ પરના સ્ટાફની વિગતો સ્થળ સંચાલકે રજીસ્ટરમાં રાખવી તથા તેનું નિયંત્રણ કરવામાં આવશે. બિનઅધિકૃત વ્યક્તિનો પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ પર તેમજ મોબાઈલ સાથે પરીક્ષા સ્થળે પ્રવેશ પર પ્રતિબંધ રાખવામાં આવશે.

પરીક્ષા સ્થળના મુખ્ય દરવાજેથી દરેક પરીક્ષાર્થી ફી રસીદની ચકાસણી કરીનેફી રસીદ સિવાય કંઈ પણ સાહિત્ય લઈ જવા દેવામાં આવશે નહી . અને પરીક્ષાની ૩૦ મિનિટ પછી પરીક્ષા સ્થળમાં પ્રવેશ આપવામાં આવશે નહી. સુચના આપવા છતા કોઈ પરીક્ષાર્થી પાસેથી ગેરરીતી અંગેનું સાહિત્ય મળશે તો નિયત પત્રકોમાં વિગતો ભરીને તેની સામે ગેરરીતિ કેસ કરવામાં આવશે.

પરીક્ષા સ્થળેફરિયાદ પેટી/સુચના પેટી રાખવામાં આવશે. મળેલ સુચના/ ફરિયાદના નિરાકરણ માટે ત્વરીત પગલા લેવામાં આવશે. પરીક્ષા સ્થળ પર કોઈ કર્મચારીની પ્રવૃત્તિ શંકાસ્પદ કે વાંધાજનક જણાય તો તાત્કાલિક સ્થળ સંચાલકે તે કર્મચારીની બદલી કરવાની રહેશે. જરૂર પડે એસઆરપી.ની વ્યવસ્થા કરવામાં આવશે.

માસ કોપી થતી હોય તેવા કે ગંભીર પ્રકારની અનિયમિતતા જોવા મળતી હોય તેવા પરીક્ષા સ્થળો પર તમામ સ્ટાફ બહારથી લાવવામાં આવશે. પરીક્ષા સ્થળ પર મુલાકાતીની નોંધ અંગેનું એક રજીસ્ટર રાખવામાં આવશે. જેમાં મુલાકાતીની તારીખ, સમય અને રોકાણ કરેલ હોય તો તે સમયની સંબંધિત મુલાકાતીઓ નોંધ કરી સહી કરશે. પરીક્ષા સ્થળ ખંડમાં પ્રવેશતા પહેલા પરીક્ષાર્થીઓની ચકાસણી કરી લેવામાં આવશે. માત્ર ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાપત્ર પરીક્ષામાં સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવા દેવાશે પરંતુ કોઈપણ સંજોગોમાં સાયન્ટીફિક કેલ્ક્યુલેટર સાથે ઉમેદવારને પરીક્ષા સ્થળમાં પ્રવેશ આપવામાં આવશે નહી.



પાલનપુર પોલીસ હેડ ક્વાર્ટર્સ મેદાન આજે સવારે બોંબ ધડાકાથી ગુંજી ઉઠયું હતું. સાથે સાથે ભયાનક આગ જોતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. જોકે માલુમ પડ્યું હતું કે પોલીસ દ્વારા જ બોંબ ધડાકા - આગ અને પત્થરમારા કરી તાત્કાલીક પગલાં ભરવાની કામગીરી દર્શાવાઈ રહી હતી. ભુજ રેન્જ આઈ. જી. આઈ. કે. જાડેજા આજે પોલીસ ઈન્સ્પેકશન માટે પાલનપુર આવ્યા હતા અને આજે સવારે ક્રાઈમ પરેડનું ઈન્સ્પેકશન યોજાયું હતું. જેમાં બનાસકાંઠા પોલીસ દ્વારા આતંકવાદી હુમલાનો સામનો કરવા જીવંત ક્રાઈમ ડેમો યોજાયો હતો. જેમાં બોંબધડાકા - ભયાનક આગ લગાવી - પથ્થરમારો કરી પોલીસની ક્વીક રીસ્પોન્સ ટીમ દ્વારા પગલાં ભરવાની કામગીરી દર્શાવાઈ હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ધાનેરા મામલતદાર કચેરી પર મામલતદાર તરીકે ફરજ બજાવતા મામલતદાર શ્રી દિનેશભાઈ પટેલને ધાનેરાથી હાલ નડિયાદ મુકામે બદલી થયેલ છે. જેનો વિદાય મસારંભ આજે મામલતદાર કચેરીનાં હોલમાં યોજાયો હતો. ધાનેરા મામલતદાર કચેરીના સ્ટાફ મિત્રો તથા પૂરવઠા વિભાગ, પ્રાંત વિભાગનાં કર્મચારી ભાઈ-બહેનો હાજર રહી મુમોન્ટો અર્પણ કરી વિદાય આપવામાં આવી હતી. (તસવીર : ભરત પરમાર)

## મહિલા અને યુવા મતદારોને મતાધિકારનો ઉપયોગ કરવા મતદાર જાગૃતિ અભિયાન યોજાયું

હિંમતનગર, તા.૧૦

લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૪ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૦એપ્રિલ ૨૦૧૪ના રોજ મતદાન યોજાનાર છે. મતદાનના દિવસે મોટી સંખ્યામાં મતદાન થાય અને તેમાં ખાસ કરીને મહિલા તથા યુવા મતદારોની સામેલગીરી વિશેષ પ્રમાણમાં થાય તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા મતદાર જાગૃતિ અને લોક સામેલગીરીના ખાસ કાર્યક્રમો તા. ૯-૩-૨૦૧૪થી તા. ૩૧-૩-૨૦૧૪ દરમિયાન જિલ્લામાં હાથ ધરવામાં આવ્યો છે. જેમાં લોકશાહીના આ મહા પર્વમાં જોડાવવા માટે તમામ મતદારોને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરિત કરાશે. તા. ૯ માર્ચના રોજ યોજાયેલ મતદાર જાગૃતિ અભિયાનમાં હિંમતનગર વિધાનસભા મતવિસ્તારમાં ૨૦૬૨, ઈડરમાં ૧૨૫૦, ખેડબ્રહ્મામાં ૩૩૦૬ જયારે પ્રાંતિજ વિધાનસભા મતવિસ્તારમાં ૧૨૩૪ મળી કુલ ૭૮૫૬ નવા મતદારો ઉમેરાયા હતા.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજવા તંત્ર સજ્જ

હિંમતનગર, તા. ૧૦

સમગ્ર રાજ્યની સાથે સાબરકાંઠા જિલ્લામાં તા. ૧૩ માર્ચથી શરૂ થતી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. આ પરીક્ષા માટે એસએસસીમાં સાબરકાંઠાના ૩૧ કેન્દ્રના ૫૩ સ્થળોએથી ૨૨૧૧૭ વિદ્યાર્થીઓ અને અરવલ્લીના ૨૩ કેન્દ્રોના ૪૦ સ્થળોએથી ૧૭૦૦૩ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે. જયારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં સાબરકાંઠાના ૧૬ કેન્દ્રોના ૪૨ સ્થળોએથી ૧૩૭૧૬ તથા અરવલ્લી જિલ્લાના ૧૦ કેન્દ્રોના ૩૪ પરીક્ષા સ્થળો પરથી ૧૦૩૯૭ વિદ્યાર્થીઓ તથા વિજ્ઞાનપ્રવાહના ૬ કેન્દ્રો પરથી સેમેસ્ટર-૨ના ૬૬૧૭ અને સેમેસ્ટર-૪માં ૫૭૬૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

સાબરકાંઠા ખાતે આજે જિલ્લા કલેક્ટર અને પરીક્ષા સમિતિના અધ્યક્ષશ્રી બંછાનિધિ પાનીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની કારકિર્દી માટે મહત્વની બોર્ડની આ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજવા પરીક્ષાતંત્ર સજ્જ છે. તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓએ પણ પરીક્ષા સંબંધે કોઈ પણ જાતની ચીંતા કર્યા વગર જિલ્લામાં પરીક્ષાના આયોજન માટે અસરકારક વ્યવસ્થાતંત્ર ઉભુ કરવામાં આવ્યું હોવાનું જિલ્લા કલેક્ટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

આજે મળેલી બેઠકમાં પરીક્ષાર્થીઓને પર્યાપ્ત સુવિધાઓ મળે, વીજ વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા, પીવાના પાણીની સવલત કાઉન્સેલીંગ સેન્ટરો સહિત પરિવહન માટે એસટી વ્યવસ્થા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. પરીક્ષા માટે ટોલ ફ્રી નંબર કાર્યરત કરાયો છે જેના નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ છે.

બેઠકની કાર્યવાહીનું સંચાલન કરતા જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી ચૌધરીએ વિદ્યાર્થીઓને પરીક્ષામાં કોઈપણ પ્રકારની અફવાથી દૂર રહેવા અને શાંત ચિત્તે પરીક્ષા આપવા અનુરોધ કર્યો હતો. બેઠકમાં અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી ઝાલા શાળા સંચાલક મંડળના પ્રમુખશ્રી શિક્ષણવિદો સહિત જુદી જુદી શાળાના આચાર્યો પરીક્ષા સમિતિના સભ્યો ઉપસ્થિત રહી ઉપયોગી સુચનો કરવા સાથે પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

## ફિલ્ડ રિપોર્ટર્સ, પાલનપુરનો છઠ્ઠો પદગ્રહણ સમારોહ યોજાયો

સામાજીક દાયિત્વ નિભાવવાની નેમ સાથે માત્ર ફિલ્ડમાં કાર્યરત પત્રકાર મિત્રોના સંગઠન 'ફિલ્ડ રિપોર્ટર્સ' પાલનપુરનો સને ૨૦૧૪નો છઠ્ઠો પદગ્રહણ સમારોહ વરીષ્ઠ પત્રકાર ગણપતભાઈ જોશીના અધ્યક્ષસ્થાનેઅને બનાસકાંઠાના સાંસદ હરીભાઈ ચૌધરીના મુખ્ય મહેમાન પદે તેમજ અતિથિ વિશેષ નગરપાલિકા પ્રમુખ હસમુખ પઢીયારની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભમાં મંચસ્થ મહાનુભાવોએ દિપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. બાદમાં સંગઠનના મહામંત્રી પ્રકાશ વ્યાસે મંચસ્ત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુંહતું. દરમિયાન પાલનપુરના વરિષ્ઠ પત્રકાર ગણપતભાઈ જોશીએ 'ટીમ ફિલ્ડ રિપોર્ટર્સ'ના હોદ્દેદારો સહિતના સભ્યોને શપથ ગ્રહણ કરાવ્યા હતા. બાદમાં કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત બનાસકાંઠાના સાંસદ હરીભાઈ ચૌધરીએ 'ટીમ ફિલ્ડ રીપોર્ટર્સ'ને સ્મૃતિ ચિન્હ એનાયત કરી પદગ્રહણ વિધિ સંપન્ન કરાવી હતી. જયારે સંગઠનના સ્થાપક પ્રમુખ સંજય જોશીનું સાંસદ હરીભાઈ ચૌધરીના હસ્તે સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરાયું હતું તેમજ સભ્ય અંકિત વ્યાસનું ઓલ ઈન્ડિયામાં બેસ્ટ ફોટોસ્ટોરી એવોર્ડ મેળવવા બદલ પ્રમુખ વિનોદ સુંદેશાના હસ્તે સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરાયુંહતુંતેમજ કાર્યક્રમમાં પાંચ વર્ષથી સફળ સંચાલન કરનાર મયુર જોશીનું વરિષ્ઠ પત્રકાર ગણપતભાઈ જોશીના હસ્તે સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરાયું હતું.

આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ વરીષ્ઠ પત્રકાર ગણપતભાઈ જોશી અને મુખ્ય મહેમાન બનાસકાંઠાના સાંસદ હરીભાઈ ચૌધરીએ ફિલ્ડ રપોર્ટર્સ, પરિવારની સામાજીક દાયિત્વની કામગીરીને બિરદાવતા પ્રમુખ વિનોદ સુંદેશાની રાહબરી હેઠળ 'ટીમ ફિલ્ડ રિપોર્ટર્સ'ને અભિનંદન પાઠવી ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે પ્રમુખ વિનોદ સુંદેશાએ ફિલ્ડ રિપોર્ટર્સનું સુકાન સોંપવા બદલ સાથી સભ્યોનો આભાર વ્યકત કરતા તેમને મુકેલા વિશ્વાસને સાર્થક કરી બતાવવાની ખાત્રી આપી હતી.

## પીલુદરા ગામે 'લાડુ'વાળી ચેહરમાતા ધામે નવચંડી યજ્ઞ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૦

પ્રાંતિજના પીલુદરા ગામે આવેલ 'લાડુ'વાળા ચહેરમાતા મંદિરે ભવ્ય નવચંડી હવન અને અન્નકૂટનો કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાંતિજ નજીક પીલુદરા ગામે વર્ષોથી પુજાતી બ્રાહ્મણ રાવલ પરિવારોની 'લાડુ'વાળી ચેહરમાતાનું ધામ આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક બન્યું. જ્યાં તાજેતરમાં જ માતાજીનો ભવ્ય અન્નકૂટ અને નવચંડી યજ્ઞ યોજાયો હતો. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં જનમેદની દર્શનાર્થે ઉમટી હતી અને પૂજા અર્ચના અને દર્શન સહિત પ્રસાદનો લાભ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમથી વાતાવરણમાં ધાર્મિક સંગીતના નાદ ગુંજી ઉઠ્યા હતા અને વાતાવરણ ધાર્મિકમય બન્યું હતું.

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના હોલમાં ભાજપ હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા લોકસભા ચુંટણીમાં જંગી બહુમતીથી ચુંટણી જંગ જીતવા માટે વિજય વિશ્વાસ સંમેલન કાર્યક્રમ યોજાયો. કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં પરેશકુમાર રાજેશભાઈ ત્રિવેદી, અર્ચના જનરલ સ્ટોર્સ, ભિલોડાવાળા સહિત અનેક કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ભાજપ ઉપપ્રમુખ ગુણવંતભાઈ ત્રિવેદી, ભિલોડા તાલુકા ભાજપ પ્રમુખ કાંતીલાલ પટેલ, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ,મીતુલભાઈ બારોટ, મુકેશભાઈ ત્રિવેદી, ચેતનસિંહ કચ્છાવા, અરવિંદભાઈ બારોટ, રોહિતભાઈ ત્રિવેદી, મુકેશભાઈ પંચાલ સહિત ભાજપ હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જીલ્લાના ભિલોડા ઉમીયાનગર સોસાયટી વિસ્તારમાં શ્રી ગાયત્રી પરીવાર ધ્વારા તા. ૫/૩/ ૨૦૧૪ ને બુધવાર થી તા.૮/૩/૨૦૧૪ ને શનીવાર સુધી શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનો કાર્યક્રમ યોજાયો હતો. શ્રી ગાયત્રી પરીવાર ધ્વારા ૫૧ કુંડી મહાયજ્ઞ તા.૯/૩/૨૦૧૪ ને રવીવારના રોજ યોજાયો.ભાવિક-ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા હતા. ભાવિક-ભક્તોએ દર્શન કરી મહાપ્રસાદીનો લાભ લીધો હતો. ભિલોડા શ્રી ગાયત્રી પરીવાર ધ્વારા ૫૧ કુંડી મહાયજ્ઞ કાર્યક્રમને સફળ બનાવવા ભાવિક-ભક્તોએ જહેમત ઉઠાવી હતી.

## ડીસા કૃષિ પોલીટેકનીકના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રિય કક્ષાએ ગુજરાતનું નામ રોશન કર્યું

ડીસા, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના ડીસા મુકામે આવેલી દાંતીવાડા સરદાર કૃષિનગર યુનિવર્સિટી સંલગ્ન કૃષિ પોલીટેકનીકના વિદ્યાર્થીઓએ એન.એસ.એસ. કેમ્પમાં કર્ણાટક જઈને ગુજરાતનું નામ રોશન કર્યું છે. તા. ૨૨ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન કર્ણાટક રાજયના ઉત્તાર કન્નડ જિલ્લાના કુમટા ખાતે રાષ્ટ્રિય એકતા શિબિરમાં ભાગ લેવા માટે યુનિવર્સિટી દ્વારા કૃષિ પોલીટેકનિક ડીસાના પાંચ વિદ્યાર્થીઓ અને દસ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

રાષ્ટ્રિય કક્ષાની કલ્ચર કોમ્પીટીશનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ આ ટીમે કર્યું હતું. કેમ્પ દરમિયાન ગ્રૂપ ડાન્સ, ગુજરાતી સંસ્કૃતિ, ગ્રૂપ સોંગ્સ તેમજ ગુજરાતી ભોજન અને ડ્રેસીંગ કોડમા સમગ્ર કેમ્પમાં ગુજરાતની આ ટીમને બેસ્ટ ટીમ તેમજ ગ્રૂપ ડાન્સમાં રાષ્ટ્રિય કક્ષાએ રાસ-ગરબાએ પ્રથમ નંબર મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. રાષ્ટ્રિય કક્ષાએ ગુજરાતનું નામ રોશન કરનાર સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની ડીસા પોલીટેકનિક ટીમને ટ્રોફીતેમજપ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા છે.

ટીમના પ્રોગ્રામ ઓફિસર અને ટીમ મેનેજર પ્રો. એમ.એ. તુંવરની આગેવાની અને માર્ગદર્શન હેઠળ આ ટીમને જવલંત સફળતા મળી છે. કૃષિ પોલીટેકનિક ડીસાને આ સિદ્ધિ બદલ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિ, નિયામક, રજિસ્ટ્રાર દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા.

## પ્રાંતિજમાં અગરબત્તી નકલી નીકળતા ગ્રાહક સુરક્ષા દ્વારા મામલો કોર્ટમાં પહોંચ્યો

પ્રાંતિજ, તા. ૧૦

પ્રાંતિજના અગરબત્તીના વેપારી દ્વારા ડુપ્લીકેટ અગરબત્તી વેચવાના આક્ષેપ સાથે ગ્રાહક સુરક્ષા મંડળમાં ફરિયાદ કરાતા મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો.

ભગવાનને રીઝવવા ભક્તો અગરબત્તી પ્રગટાવે છે પરંતુ આ અગરબત્તી નકલી નીકળતા ગ્રાહક અને વેપારી વચ્ચે ચકમક ઝરતા મામલો ગ્રાહકે કોર્ટ સુધી પહોંચાડતા સમગ્ર પ્રાંતિજમાં ચર્ચાસ્પદ બન્યો હતો.

પ્રાંતિજના સંજય કડિયા નામના ઈસમે પ્રાંતિજની એક દુકાનમાંથી રેડ મેજીક બ્રાન્ડની અગરબત્તીના ૨૪ નંગ પેકેટ કુલ રૂપિયા ૨૪૦માં ખરીદી હતી પરંતુ તેમને આ અગરબત્તીના પેકેટ પરના રેપર અને અગરબત્તીની ક્વોલીટીમાં ગરબડ લાગતા દુકાનદારને ફરિયાદ કરેલ પરંતુ દુકાનદારે આ બાબતે બિલ પણ આપ્યુ નહોતુ અને જવાબદારીમાંથી હાથ ઊંચા કરી દીધા હતા. આથી ગ્રાહકે પ્રાંતિજ ગ્રાહક હિત સુરક્ષા મંડળમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે સુરક્ષામંડળે કાર્યવાહી કરી મામલો કોર્ટ સુધી લઈ જતા નગરજનોમાં ચર્ચાસ્પદ બન્યો હતો.

## ભિલોડા તાલુકાના ખેરોજકંપા ગામ પાસે બાઈકચાલક સ્લીપ ખાતા બાઈકચાલક ઘવાયો

ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા-ગાંભોઈ ધોરીમાર્ગ ઉપર આવેલ ખેરોજકંપા ગામ પાસે બાઈક ચાલકએ બાઈક ઉપરનો કાબુ એકા-એક ગુમાવી બેસતાં બાઈક સ્લીપ ખાતા બાઈક ચાલક ગંભીર રીતે ઘવાયો હતો. આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા તાલુકાના જોધપુર ગામના રહેવાસી. જયરામભાઈ પ્રતાપભાઈ ગામેતી આશરે ઉંમર.વર્ષ-૪૫ છે. હિંમતનગરથી માદરે વતન જોધપુર તરફ બાઈક નંબર.જી.જે.૯. એ.આર.૯૯૮૮ ઉપર આવી રહ્યા હતા ત્યારે ખેરોજકંપા ગામ પાસે એકા-એક બાઈક ઉપરનો કાબુ ગુમાવી બેસતાં બાઈક સ્લીપ ખાતા જયરામભાઈ ગામેતીના માથાના ભાગે, શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ખસેડાયા હતા પરંતુ માથાના ભાગમાં હેમરેજ થયેલ હોવાના કારણે હિંમતનગર મેડીસ્ટાર હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડાયા હતા પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ગાંભોઈથી ભિલોડા સુધીનો માર્ગ બિસ્માર હોવાના કારણે બાઈક ચાલકોનો ભોગ લેવાય છે ત્યારે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા ભિલોડાથી ગાંભોઈ સુધીના માર્ગનું સત્વરે સમારકામ કરવામાં આવે તેમ લોકમુખે ચર્ચાય છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્ક્વે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧